આગામી ચોમાસા દરમ્યાન આપત્તિ
વ્યવસ્થાપનની કામગીરી બાબત...

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
**પરિપત્ર ક્રમાંક: સ.અ.ર./૨૦૧૨/૧૬૬૨/આર**
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૯.૦૫.૨૦૧૨

**પરિપત્ર:-**

આગામી ચોમાસા સીઝનને ધ્યાને લઇ રાજ્યની નગરપાલિકાઓમાં આપત્તિ વ્યવસ્થાપનનું વ્યવસ્થા તંત્ર સાબદુ અને અસરકારક બની રહે તે જોવા માટે જે નગરપાલિકામાં ડ્રાઇવર વિના ફાયર ફાઇટર બિનઉપયોગી પડતર પડી રહેલ હોય ફક્ત તેવીજ નગરપાલિકાઓમાં જૂન-૨૦૧૨ થી સપ્ટેમ્બર-૨૦૧૨ એમ કુલ ૪ માસ માટે તદ્દન હંગામી ધોરણે દરેક નગરપાલિકા દિઠ એક, માસિક રૂા.૪૦૦૦/- ના ફિક્સ પગાર ઉપર ડ્રાયવરની નિમણૂંક આપવાની કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા રાજ્યની નગરપાલિકાઓને વિકાસના કામો માટે આપવામાં આવતી ગ્રાંટના વ્યાજમાંથી મળતી રકમમાંથી કરવાનો રહેશે.

ઉપરોક્ત સૂચનાનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત તમામ મુખ્ય અધિકારીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(એચ.કે.પ્રજાપતિ)**
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

**નકલ રવાના પ્રતિ,**

(૧) નિયામકશ્રી, નગરપાલીકાઓ
(૨) સંબંધિત ચીફ ઓફિસરશ્રી, સામેલ લીસ્ટમાં દર્શાવેલ નગરપાલિકાઓ (નિયામકશ્રી, નગરપાલિકા મારફત)
(3) ~~મુખ્ય~~ કારોબારી અધિકારીશ્રી, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગાંધીનગર.
(૪) સર્વે કલેકટરશ્રીઓ-જાણ અને અમલ સારૂં.